# ગઝલ-પ્રમોદ

--પ્રમોદ અહીરે

.૧. (પાન઼ઃ૨૧)

ખબર એક કોયલ છે લાવી પ્રીયે ! તું અહીંથી જવાની;
મને એક રણ વચ્ચે વાવી પ્રીયે ! તું અહીંથી જવાની.

હથેળીમાં મહેંદી ને મહેંદીમાં છે ચીત્ર ઉગતા સુરજનું,
આ તારા સુરજને ડુબાવી પ્રીયે ! તું અહીથી જવાની.

સતત એક ટોળું તને દુર કરતું હશે મુજથી ત્યારે,
અમસ્થી હથેળી હલાવી પ્રીયે ! તું અહીથી જવાની.

નદીના કીનારે વીતાવેલી સાંજો...એ વાતો...એ વચનો,
બધું એક પળમાં ભુલાવી પ્રીયે ! તું અહીથી જવાની.

.૨. (પાનઃ૨૨)

હું વેદનાને આપી શકું આવકાર - પણ,
એ સાથે આવી જાય છે આંસુની ધાર પણ.

એની ઉદાસ આંખમાં એક જ હતો સવાલ;
પાછાં મળી શકાય કે એકાદ વાર પણ ?

હું પારદર્શી થાઉં છતાં શું ફરક પડે ?
જોઈ શકે છે કોણ અહીં આરપાર પણ ?

અંધારું દુર કરવા જે આવ્યા હતા નજીક,
એ લઈ ગયા છે મારા જીવનની સવાર પણ.

.૩. (પાનઃ૨૩)

હું તો નથી જ કરતો, ઉઝરડા કરે છે કોણ?
સાજા થયેલા ઘાવને તાજા કરે છે કોણ?

ભડકે બળીને રાખ બની ધુળ થઈ ગયા,
તારા ને મારા કીસ્સા, સળગતા કરે છે કોણ ?

પાછા મળી શકાય-ની દીવાલ ઠોસ છે,
એમાં તીરાડો પાડીને રસ્તા કરે છે કોણ ?

--શ્વાસોના રાજમાર્ગ પર રમખાણ યાદનું,
કોઈ નથી જો પાસ તો હુમલા કરે છે કોણ ?

.૪. (પાનઃ ૨૫)

અમારા તડપવાનું કારણ સ્મરણ છે;
અને રોજ મરવાનું કારણ સ્મરણ છે.

નથી આગ જેવું કશું જીંદગીમાં,
અમારા સળગવાનું કારણ સ્મરણ છે.

નદી હું સરજવા ગયો'તો; બન્યું રણ,
હવે ત્યાં ભટકવાનું કારણ સ્મરણ છે.

બધું સર્વસામાન્ય છે એ ગલીમાં,
છતાં ત્યાં અટકવાનું કારણ સ્મરણ છે.

ઘણાં રોજ ગઝલો લખે છે સ્મરણમાં,
ઘણાનું ન લખવાનું કારણ સ્મરણ છે.

.૫. (પાનઃ ૨૭)

તારા ઉપરની જ્યારથી શ્રદ્ધા ભુંસાઈ ગઈ;
મારી તો આખેઆખી તપસ્યા ભુંસાઈ ગઈ.

એવું નથી કે માત્ર કવીતા ભુંસાઈ ગઈ;
કાગળ ઉપર થઈ હતી હત્યા, ભુંસાઈ ગઈ.

આકાર આપવામાં તેં મોડું કરી દીધું,
જો ! રાહ જોઈ જોઈ તમન્ના ભુંસાઈ ગઈ.

શબ્દો બની જીવું છું હું કાગળ ઉપર હવે,
હોવાપણાની મારી અવસ્થા ભુંસાઈ ગઈ.

.૬. (પાનઃ ૪૩)

ઉદાસીના ખોળામાં માથું મુકીને,
રડી લઉં છું ચુપચાપ રાતે ઉઠીને.

વહેનારાં આંસુ ઘરેણાં છે મારાં,
રડું ત્યારે લાગે કે બેઠી સજીને.

લખાયા તને મોકલી ના શકાયા,
એ પત્રો, મુકી દઉં છું, કેવળ ચુમીને.

શરમ છોડી દે તો તને પામે પળમાં,
કીનારાની મર્યાદા છે આ નદીને.

.૭. (પાન :૫૭)

એ કહે છે કે પરાભવ થાય છે,
હું કહું છું કે અનુભવ થાય છે.

દોસ્ત ! દુનીયા સ્વપ્નમાં સારી હતી,
જ્યાં કફન પણ રોજ પાલવ થાય છે.

જળની સાથે મીત્રતા મોંઘી પડી,
રોજ આંખે ભીનો ઉત્સવ થાય છે.

એક પક્ષી સુરમાં રડતું રહ્યું,
લોક સમજ્યા મસ્ત કલરવ થાય છે.

હું ગઝલ બોલું ને તું સાંભળે,
એ જ ક્ષણ જીવનનો વૈભવ થાય છે.

.૮. (પાન : ૬૯)
કોરી વાતો... નકલી પીડા... એમાં તારી દુનીયા ક્યાં છે?
જેનામાં હો સાચાં આંસુ, એવી અસલી ઘટના ક્યાં છે?


મંઝીલ મંઝીલ કરતાં કરતાં વનવન ભટકે આખું જીવન,
પગલે પગલે રસ્તા બદલે તારી પાસે નકશા કયાં છે ?

સપનાં-સપનાં...મીઠાં સપનાં તું માંગે છે સઘળાં સપના,
ભીતરમાં છે ખાલી ખાલી...તારી ભીતર ઈચ્છા ક્યાં છે ?

ઈશ્વર અલ્લા કરતાં કરતાં, મંદીર-મસ્જીદ ખુંદી વળતાં,
વાતે વાતે ઈશ્વર બદલે તારી પાસે શ્રદ્ધા ક્યાં છે ?

'હું', 'મારું' ની આ પીડામાં આખે આખી હસ્તી સળગી,
આંખો ખોલી જો તું માણસ ! તારી જગમાં ગણના ક્યાં છે ?

--પ્રમોદ અહીરે
ઈ-મેઈલ : **momentsevents@gmail.com**
મોબાઈલ : **98241 34061**



## કવી-પરીચય

મહારાષ્ટ્રના ધુળીયા શહેરમાં સને ૧૯૭૫માં જન્મેલા મરાઠીભાષી કવી શ્રી. પ્રમોદ અહીરે નવી પેઢીના કવી છે. તેમની માતૃભાષા મરાઠી છે; પણ તેઓ સરળતાથી ગુજરાતીમાં લખે છે. આકરા જીવન સંઘર્ષમાંથી તપીને છેવટે 'કુરીયર'ના પોતીકા ધંધામાં ઠરીઠામ થયેલા પ્રમોદભાઈના જીવનમાં સંઘર્ષ અને ગઝલની ભેરુબંધી રહી છે. ખુદ ગઝલકાર તેમના પ્રથમ ગઝલ સંગ્રહ 'પ્રીયે ! તું અહીંથી જવાની..'(મુદ્રક-પ્રકાશક : સાહીત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત-૩૯૫ ૦૦૩; પ્રથમ આવૃત્તી : ૨૦૦૩; પૃષ્ઠ : ૯૬; મુલ્ય : ૭૦ રુપીયા)માં લખે છે તેમ નીજી અનુભવોની નક્કરતા, જીવનનો રઝળપાટ, વીરહ વેદનાની વ્યાકુળતા અને પ્રીયતમાના આગોશની હુંફ તેમની ગઝલનાં રુપ-રંગ રહ્યાં છે. બારેક વર્ષથી ગઝલક્ષેત્રે ખેડાણ કરતા પ્રમોદભાઈની ગઝલોમાં અનેક પાણીદાર શે'ર જોવા મળે છે.

મુ. શ્રી ભગવતીકુમાર શર્મા લખે છે તેમ પ્રમોદ અહીરે સંયમી ગઝલકાર છે. એક ગઝલમાં ચાર શે'રથી પર્યાપ્ત અભીવ્યક્તી થતી હોય તો પાંચમો શે'ર વાચકને લમણે ઝીંકવાની પળોજણમાં તેઓ પડતા નથી. ગઝલ માટે આવશ્યક લાઘવ, ચુસ્તી તેમની ગઝલોમાં અનુભવાય છે. તેમણે છંદોના વીનીયોજન પર ઘણા પ્રયોગો કર્યા છે.

સુયોગ્ય રીતે 'ગુજરાતી ગઝલનું મક્કા' ગણાતા સુરતમાં, પ્રમોદભાઈને સુરતના અનેક ગઝલકારોનો સંસ્પર્શ સાંપડ્યો છે. અંગત અનુભુતીઓ શબ્દ દેહે ઉતરે છે ત્યારે વાચકને તે હૃદય સોંસરવી ઉતરી જાય છે તેવું તેમની ગઝલો વાંચતાં બહુધા અનુભવાય છે. આ આશાસ્પદ, પ્રયોગશીલ ગઝલકાર તરફથી આપણને વધુને વધુ સમૃદ્ધ ગઝલો મળતી રહે એવી શુભેચ્છા. તેમનો એક સુંદર શે'ર :

*સ્વીકાર કરવો હોય તો જેવો છું તેવો કર !*
*ભરચક છું કે છે કંઈ કમી? હું જાણતો નથી.*

--મનસુખ નારીયા (સુરત) અને ઉત્તમ ગજ્જર (સુરત)

(ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ કવી મીત્ર શ્રી. મનસુખ નારીયાનો અને અક્ષરાંકન માટે મીત્ર સુનીલ શાહનો દીલથી આભાર..ઉત્તમ..)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 128 -- November 18, 2007
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ
sunras22266@gmail.com

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **5,30,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં **http://www.gujaratilexicon.com** લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.


આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6900** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ
**http://gujaratilexicon.com/index.php?action=downloadSeM**

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 128 -- November 18, 2007
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ
sunras22266@gmail.com

# ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : **mahendraaruna@msn.com**

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site : www.ameamericanamdavadi.com**

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **128** -- **November 18, 2007**

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ

**sunras22266@gmail.com**

♦O♦